# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## આપણાં અગીયાર નિયમો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

પોતાના સંતાન પર માતા-પિતાનું વાત્સલ્ય હોય છે. પણ તે મર્યાદિત હોય છે. જ્યારે પોતાના ભક્ત ઉપર ભગવાનનું વાત્સલ્ય અમર્યાદિત હોય છે. એવા વાત્સલ્ય વારિધિ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આપ સહુ ભક્તોના જીવનમાં અને પરિવારમાં ધર્મ, ભક્તિ, સંસ્કાર, સંપનું ઘડતર, પોષણ, શિક્ષણ સદા પ્રાપ્ત થતું રહે એવી નૂતનવર્ષની શુભકામનાઓ સહ બાલવાટિકાના વાચક ભક્તોને નૂતન વર્ષાભિનંદન સાથે સાદર સપ્રેમ જય સ્વામિનારાયણ.

વિશેષમાં નિયમ, નિશ્ચય, પક્ષ ત્રણ વાનાં જીવનમાં દૃઢ કરી ભગવાનના વાત્સલ્યને પાત્ર બનવા ''નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ'' એ પદમાં વર્ણવેલ અગિયાર નિયમો વિષે સવિસ્તૃત આપણે સમજી રહ્યા છીએ ત્યારે આઠ નિયમો વિષેની વાત આપણે બાલવાટિકા વિભાગમાં વાંચી છે. બાકીનાં ત્રણ નિયમો વિષેની વાત આ અંકમાં વાંચીને પૂર્ણ કરીશું.

(ગતાંકથી ચાલુ)

**નવમો નિયમ : નિંદત નહી કોઈ દેવકો -**

આ બાબત પણ ભાવિકોએ બહુ યાદ રાખવા જેવી છે. તમને જે ઠીક લાગે તે ભગવત્ સ્વરૂપની ઉપાસના કરો, તમને જેમાં શ્રધ્ધા હોય તે દેવની ઉપાસના કરો પણ અન્ય કોઈ દેવની નિંદા ન કરવી. ધાર્મિક સહિષ્ણુતા એ આપણા સંપ્રદાયની અજોડ ઓળખાણ છે. કોઈ દેવની નિંદા નહી, ક્યારેય પણ નહીં. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે - કે રસ્તે ચાલતા શિવાલયાદિક દેવમંદિર આવે તો આદરથી હાથ જોડવા. વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય પંચદેવને પૂજ્ય માનો, નારાયણ અને શિવ એ બંને એકાત્મ છે. આવી ધર્મસહિષ્ણુતાની વાતો સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતજનો માટે કહી છે. કોઈ મુમુક્ષુને જે દેવમાં શ્રધ્ધા હોય તેની આપણે નિંદા ન કરાય.

એક ગામના ચોરે દસબાર જુવાનીયા બેઠેલા. એક અતિવૃદ્ધ ડોસા ત્યાંથી નીકળ્યા. ચાલતાં ચાલતાં લથડતા જાય. એટલે દસબાર છોકરામાંથી પાંચ સાત જણાં એ વયોવૃદ્ધ વડીલની મશ્કરી થાય એવી ભાષા બોલવા માંડ્યા. ''જો પેલો ડોસો આ આવે તો ઉડી જશે. હમણાં પડી જશે.'' એક છોકરો કાંઈ બોલે નહી. ''કેમ તું મુંગો બેઠો છે ?'' ''એ મારા દાદાજી છે.'' દેવની બાબતમાં પણ આવું હોય છે. માટે ધર્મસહિષ્ણુતા મોટો ગુણ છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે - ''સાચી શ્રધ્ધાથી ગમે તે દેવને માને એની ભક્તિ હું સ્વીકારું છું.''

સ્વામિનારાયણ ભગવાને સંતોને જ્યારે વિચરણ કરવા મોકલ્યા ત્યારે કહેલું કે - ''તમારે કોઈ વિપત્તિ આવે તો લીલા ઘાસને દંડવત કરજો, અમે એમાં રહીને તમારી રક્ષા કરીશું.'' તો પછી આશ્રિતોએ કોઈ દેવની નિંદા કરવી નહી. દેવનિંદા સિવાય કોઈપણ ભક્તની, મનુષ્યની નિંદા પણ ક્યારે ન કરવી.

**દસમો નિયમ : બિન ખપતો નહીં ખાત -**

જે ખાવાથી આપણી બુદ્ધિ ભ્રષ્ટ થતી હોય એવી વસ્તુ ક્યારે પણ ખાવી નહી. તમને ખ્યાલ આવે કે અહીં વ્યવસ્થિત ચોખ્ખાઈથી રસોઈ થતી નથી ત્યાં સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દેવી. જો આહાર શુદ્ધિ પાળીએ તો અંતઃકરણ શુદ્ધ રહે છે. જેનો આહાર શુદ્ધ ન હોય એનું અંતઃકરણ શુધ્ધ રહેતું નથી. રેલ્વે તંત્ર રસોડા કરી કરીને બધાને ચાલું ગાડીએ થાળીઓ પીરસે છે પણ અંદર જુઓ તો બધું એકાકાર ચાલે. યાત્રિકો પાસે નોંધાવી જાય કે આમિસ, નિરામિસ પણ અંદર બધું એક જ તપેલા બંને બાજુબાજુમાં જ હોય. તાવેથાને સાણસીઓ એકજ. બોલો આમાં આપણો નિયમ પણ કેવી રીતે સચવાય??

વળી તમને બીજો ખ્યાલ હશે કે દવાખાનામાં ડોકટર એક દરદીને તપાસે પછી સાબુથી હાથ જુએ છે. ઓપરેશન વખતે વાપરેલું દરેક સાધન પણ પંદર મિનિટ પાણીમાં ઉકાળે ત્યારે સ્ટરીલાઈઝ થાય છે. જ્યારે

હોટલોમાં, લારીઓમાં ગમે એવા રોગીષ્ટ માણસોના વાપરેલાં થાળી, વાટકી, ચમચી વગેરે સાધનો પાણીમાં બોળીને ચોખ્ખા થયાં કે ન થયાં ને એ તમને આપે. વિચારો સ્વાસ્થ્ય પર પણ કેવી અસર થતી હોય!

ઘરમાં જે રસોઈ બનાવાય તે પ્રેમભાવથી તૈયાર કરાતી હોય છે. જ્યારે ધંધાદારી જે ભોજન તૈયાર કરે તેમાં પ્રેમ હોતો નથી. સ્વાર્થ હોય છે. આવું અન્ન વિચારોને મલિન કરે છે. માટે આહારની બાબતમાં વર્ણાશ્રમના ધર્મનો પણ ખ્યાલ રાખવો જરૂરી હોય છે. માટે અગિયાર નિયમોમાં આ નિયમ સમાવવામાં આવ્યો છે કે ''બિન ખપતો નહીં ખાત.''

**અગિયારમો નિયમ : વિમુખ જીવકે વદન સે, કથા સુની નહીં જાત -**

જે માણસના જીવનમાં ભક્તિ તત્વ જ નથી, જે પોતે વ્યસની હોય, ધર્મથી વિમુખ હોય, જેની વાણીમાં ભગવાન ભગવાનના અવતારો કે તેમનાં લીલા ચરિત્રોનું યુક્તિથી ખંડન થતું હોય તેવી વાણી કથા સ્વરૂપે પણ ન સાંભળવાની આ આજ્ઞા શ્રીહરિએ કરી છે. આ હકીકત છે. જે વ્યક્તિને ભગવાનની ભક્તિ કે ઉપાસના ન હોય તેના મુખે ભગવાનની કથા પણ સાંભળવી નહી. એનો અર્થ કે આવા માણસના પ્રસંગથી દૂર રહેવું. જે પોતે ધર્મથી વિમુખ હોય તેની વાણી સામી વ્યક્તિને અસર પહોંચાડી શકતી જ નથી અને જેને ભગવાનના સ્વરૂપમાં પ્રેમ હોય એ ગમે એવો માણસ હોય, રોગિષ્ટ હોય, ઘરડો હોય પણ આવા માણસના મુખે ભગવાનની કથા-વાર્તા સાંભળે તો સાર્થક છે. બાકીની કથા નિરર્થક છે. એનો કોઈ ફાયદો કે લાભ થતો નથી.

સ્વામિનારાયણ ભગવાન જ્યારે નાના હતા ત્યારે અયોધ્યામાં સરયુમાં સ્નાન કરી દેવમંદિરોમાં દર્શન કરવા જતા પછી ક્યાંય કથા-વાર્તા થતી હોય તો સાંભળતા. એકવાર કથા-વાર્તા ચાલતી હતી, તેમાં પ્રભુ બેઠા. એકાદશીની કથા ચાલું હતી પણ જે વક્તા હતા તેને એકાદશી કરવી ગમે નહીં. જોગાનુંજોગ એ દિવસે એકાદશી જ હતી અને વકતા સવારમાં ભાખરીનો નાસ્તો કરીને આવેલા. તેમણે તો કથા કરવા માંડી કે એકાદશીની વાત સાચી પણ કળિયુગમાં એકાદશીને જગન્નાથપુરીમાં બાંધી દીધી છે. તેથી હવે એકાદશી ન કરીએ તો પણ ચાલે. પછી તો પરમાત્માએ તેને સમાધિ કરાવી, પાઠ ભણાવી માફી મંગાવી. પણ કહેવાની વાત એ છે કે જેના જીવનમાં, આચરણમાં ધર્મ અને ભક્તિ ન હોય તેવાના મુખે કથા સાંભળવાથી કુમાર્ગે જીવન ધકેલાઈ જાય તો પણ ખબર પડી શકે નહીં. માટે આ નિયમ ''વિમુખ જીવ કે વદન સે કથા સુની નહી જાત'' ને પણ વિશેષ અગિયાર નિયમોમાં સમાવેલ છે.

**''એહી ધર્મ કે નિયમમેં, વર્તો સબ હરિદાસ,**
**ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઔર સબ આસ.**
**રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રિત,**
**પ્રેમાનંદ કહે ધામ મે જાઓ નિશંક જગજીત.''**

આ અગિયાર નિયમોનું પાલન કરી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરશે તે કોઈ પણ જાતની શંકા વગર નિશ્ચય ભગવાનના ધામને પામશે.

વ્હાલા ભક્તજનો ! આ અગિયાર નિયમમાં આપણા પંચવર્તમાનના નિયમ પણ આવી જ જાય છે. અને આ અગિયાર નિયમોનું સતત અનુસંધાન રહે તેથી જ શ્રીજી મહારાજની આજ્ઞાથી પ્રેમાનંદ સ્વામીએ ''નિર્વિકલ્પ ઉત્તમ અતિ'' પદમાં સમાવ્યા અને તે નિત્ય સાયં પ્રાર્થનામાં ગવાય છે. (સંપૂર્ણ)

●

## એક સાથે બે કામ સિધ્ધ થયાં

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વાત છે અજબની. વાત છે ગજબની. આમ તો માન્યામાં પણ ન આવે. છતાં પણ માનવી પડે એમ છે. કેમ કે આ વાત કહેવાવાળા જેવા તેવા નથી એ તો છે આપણા નંદસંતો. તો વાત જાણે એમ છે કે, એકવાર શ્રીજી મહારાજ ઝિંઝાવદર પધાર્યા હતા. ઝિંઝાવદર એટલે અલૈયાખાચરનું ગામ. ત્યાં તળાવની પાળ હતી. તળાવની પાળ ઉપર પીપળાનું મોટું વૃક્ષ હતું. શ્રીજી મહારાજ આ પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. શ્રીજી મહારાજની પાસે અલૈયાખાચર, સુરો ખાચર, સોમલાખાચર, નાજા જોગીયા, મુળજી શેઠ વગેરે ભક્તો બેઠા હતા. શ્રીજી મહારાજ સાથે હળવી પ્રશ્નોતરી કરતા હતા. તેમાં એક પ્રશ્ન અલૈયા ખાચરે પૂછ્યો. હે મહારાજ ! મારા બાપના બાપ ઘણા હિંસક હતા. પાપી હતા. તેમણે ઘણા ગુના કર્યા હતા. ચોરી લૂંટ ફાટમાં અગ્રેસર રહેતા. કોઈનું માથું વાઢવામાં

દયા ન દાખવતા. અતિ ક્રોધી હતા. તો તેમની સારી ગતિ થઈ હશે કે નહિ ? હું તો તમારો ભક્ત છું. તમે પ્રગટ પ્રમાણ ને મલ્યા પણ હવે એના જીવનું શું થયું હશે ? મારૂં તો પ્રભુ છતે દેહ કલ્યાણ દેખાય છે. પણ મારા ભજનના પ્રતાપે એ તમારા ધામમાં ગયા હશે કે ક્યાં હશે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે તમારા જેવા દીકરા ભક્ત થયા હોય એના તો ડોસા ભગવાનના ધામમાં જ પહોંચે. તમારું ભજન તમારી ભક્તિ તમારી સેવાના પ્રતાપે. તેમની ગુણ દૃષ્ટિ થાય પછી તે ધામમાં જ જાય. અલૈયા ખાચરને શંકા થઈ. તેથી ફરી કહ્યું, આ આલૈયા ખાચર એમ નહિ સ્વીકારે. મહારાજ બોલ્યા તમારે એનું પારખું લેવું છે ? ત્યારે અલૈયા ખાચર તો રાજી રાજી થઈ ગયા. ''મહારાજ, એવું દેખાડો તો ઘણું સારૂં.''

પછી મહારાજે એક ભક્ત બેઠા હતા તેને કહ્યું, તું જઈને જોઈ આવ કે કેટલી પેઢીના ડોસા ધામમાં પહોંચ્યા છે. પ્રગટના પરચા અમાપ હોય છે. અલૈયા ખાચરે તો માન્યું હતું કે મારા બાપના બાપ હિંસક હતા. તેથી તેમનું કલ્યાણ થયું હશે કે નહિ ત્યારે મહારાજે તો તેમની પેઢીઓનો ઉદ્ધાર કરી દીધો હતો. મહારાજ વળી તે ભક્તને કહે છે તે ધામમાં જઈ પૂછી આવ અને કંઈક નિશાની લેતો આવજે નહિ તો આ કાઠી માનશે નહિ. પછી તો એ ભક્ત સમાધિ કરીને ભગવાનના ધામમાં ગયો અને ધામમાં જઈને પૂછ્યું કે અલૈયાના દાદા અહીં આવ્યા છે ? ત્યારે તેની સાત પેઢીના ડોસાઓ ભગવાનના ધામમાં આવ્યા હતા. એ આગળ આવીને બોલ્યા કે અમે અહીં છીએ. ત્યારે તે ભક્તે કહ્યું, અલૈયા એ કોઈક નિશાની મંગાવી છે. ત્યારે તેણે કહ્યું કે જે પીપળા હેઠે શ્રીજી મહારાજ અને તમે સૌ બેઠા છો એ પીપળાના થડથી ઉગમણી કોરે નવ હાથ ભરીને જમીન ખોદજો. નવસો રૂપિયાની એક દેગડી દાટી છે. તે મળશે કાઢી લેજો.

એ નિશાની લઈ અને ભક્ત સમાધિમાંથી જાગ્યો અને વાત કરી. શ્રીજી મહારાજે ગામમાંથી કોસ મંગાવી અને ત્યાં ખોદ્યું તો પિત્તળની દેગડી નીકળી અને તેને ઠાલવી અને રૂપિયા ગણ્યા તો પૂરા નવસો થયા. શ્રીજી મહારાજ કહે છે અલૈયા તારે તો રૂપિયા પણ આવ્યા અને તમારી સાત પેઢીના ડોસા અમારા ધામમાં પહોંચ્યા એની ખાત્રી થઈ ગઈ. અલૈયા ખાચરના આંખમાં આસું આવી ગયા. મહારાજના ચરણારવિંદમાં નમસ્કાર કરીને કહ્યું, હે પ્રભુ ! તમારી કૃપા અપરંપાર છે ધન્ય છે પ્રભુ !

સજ્જનો ! વચનામૃતમાં પણ આ વાતનો ઉલ્લેખ છે કે જે ભગવાનનો ભક્ત થાય તેની ભક્તિના પ્રતાપે તે ભક્તની ઈકોત્તેર પેઢીનો ઉદ્ધાર થાય છે. માટે હમેંશા ભગવાનનાં આશરાનું બળ રાખી દઢ શ્રધ્ધાથી ભગવાનની ભક્તિ કરવી. જેથી આલોક અને પરલોકમાં જીવ સુખી થાય. મુક્તાનંદ સ્વામીના શબ્દો છે કે,

**''પુરૂષોત્તમ પ્રગટનું જે દરશન કરશે,**
**કાળકર્મથી છુટી કુટુંબ સહિત તરશે.**
**જય સદ્‌ગુરુ સ્વામી.''**